# બસ સ્ટેન્ડ નજીક ટ્રાફીક નિવારણ માટે લગાવેલ બેરિકેડ જ ટ્રાફિક સમસ્યા સર્જે છે

## બેરિકેડ લગાવતા રોડ પર ફેરિયાઓને છૂટોદોર

મોડાસા, તા. ૮

મોડાસા શહેરમાં ટ્રાફિક સમસ્યા માથાના દુખાવા સમાન બની રહી છે ટાઉન પોલીસ અને ટ્રાફિક પોલીસ ટ્રાફિક નિયમન અંગે ફક્ત દેખાડા પૂરતી બની રહેતા શહેરના માર્ગો પર આડેધડ પાર્કિંગ કરેલ વાહનો, લારીઓ અને ફેરિયાઓએ અડિંગો જમાવી દીધો છે મોડાસાના નિર્માણ થઈ રહેલ અત્યાધુનિક આઈકોનિક બસ સ્ટેન્ડ નજીક ટાઉન પોલીસે ટ્રાફિક સમસ્યા નિવારવા બસ સ્ટેન્ડ થી કડીયાવાડા રોડ પર જતા રોડ પર બેરિકેડ ગોઠવી દેતા સામેના રોડ પર લારી-ફેરિયાઓને છૂટોદોર મળી જતા અડધા રોડ પર અડિંગો જમાવી દેતા ભારે ટ્રાફિક સર્જાય છે ૧૦૦ મીટર દૂર આવેલી પોલીસ ચોકીમાં ફરજ બજાવત પોલીસકર્મીઓ અને ટીઆરબી જવાનો સમગ્ર તમાશો જોઈ રહે છે.

મોડાસા ટાઉન પોલીસે બસ સ્ટેન્ડ સામે કડિયાવાડા રોડ પર જવાના માર્ગ પર બેરિકેડ લગાવી દેતા કડીયાવાડા રોડ પર આવેલી ૫ નામાંકિત હોસ્પિટલ અને ૮ થી વધુ ક્લિનિક પર સારવાર અર્થે આવનાર દર્દીઓને લિઓ પોલીસ ચોકી સુધી લાંબા થવું પડતુ હોવાથી ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો ઈમરજન્સી દર્દીઓને સારવાર માટે લઈને પહોંચતી એમ્બ્યુલન્સ અને ખાનગી વાહનો બેરિકેડ લગાવેલ હોવાથી ચક્કર કાપી હોસ્પિટલ પહોંચતા હોવાથી દર્દીઓને જીવ જોખમાઈ રહ્યા છે બસ સ્ટેન્ડ નજીક મોડાસા થી ધનસુરા તરફ જતી એસટી બસ અને ખાનગી વાહનો રોડ વચ્ચે ઉભા રહેતા આખો દિવસ ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે બસ સ્ટેન્ડ થી કડિયાવાડા જતા કટ પર બેરિકેડ લગાવી દેતા લારી-ફેરિયા વાળાઓ અડધા રોડ પર અડિંગો જમાવી દેતા વાહનચાલકો અને રાહદારીઓ તોબા પોકારી ઉઠ્યા છે ટ્રાફિક સમસ્યા નિવારવા લગાવેલ બેરિકેડ તાત્કાલિક અસર થી દૂર કરવામાં આવેની માંગ પ્રબળ બની છે




બસ સ્ટેન્ડ થી કાડિયાવાડા રોડ જવાના કટ પર બેરિકેડ લગાવી દેતા કડિયાવાડા રોડ પર સારવાર લેવા આવતા દર્દીઓ અને તે વિસ્તારમાં રહેતા લોકોને બસ સ્ટેન્ડ જવું હોય તો છેક મોડાસા હાઈસ્કૂલ સુધી ચક્કર કાપવું પડતું હોવાથી વાહન ચાલકો રોંગ સાઈડ વાહન હંકારી બસ સ્ટેન્ડ પહોંચતા હોવાથી સતત અકસ્માતનો ભય સતાવી રહ્યો હોવાની સાથે રોન્ગ સાઈડ વાહનો પસાર થતા ટ્રાફિક સમસ્યા વધી રહી છે.

## અરવલ્લી જિલ્લા કક્ષા વ્યક્તિત્વ અને યોગાસન શિબિરમાં જોડાવવા ૧૬ ડીસેમ્બર સુધી ઈચ્છુક ઉમેદવારો અરજી કરી શકશે

બાયડ તા.૮

મોડાસા, બુધવાર કમિશનરશ્રી યુવક, સેવા અને સાંસ્કુતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર દ્વારા પ્રેરિત અને જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, અરવલ્લી દ્વારા આયોજીત જીલ્લા કક્ષા વ્યક્તિત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિર પ્રતિ વર્ષની જેમ ચાલું વર્ષે અનુચુચિત જન જાતી અને અનુસુચિત જાતી / જનરલ કક્ષાના ના ૧૫ થી ૩૫ વયના યુવક/યુવતીઓ માટે આયોજન હાથ ધરવામાં આવનાર છે. જેમાં ગુજરાતના નામાંકિત વ્યક્તિઓ ધ્વારા જિલ્લામાં આવી, વ્યક્તિત્વ વિકાસ અંગે માર્ગદર્શન આપવામાં આવશે. જેથી યુવક-યુવતીઓને આ તાલીમ શિબિરમાં જોડાવા અનુરોધ કરવામાં આવે છે. આ શિબિરમાં ભાગ લેવા ઈચ્છુક યુવક-યુવતીઓની અરજી તા.૧૬/૧૨/૨૦૨૧ સુધીમાં જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, બ્લોક નં.એ.એસ.૧૪ બીજો માળ, જિલ્લા સેવા સદન, શામળાજી રોડ, મોડાસા અરવલ્લી ખાતે મોકલી આપવા જિલ્લા રમતગમત અધિકારીશ્રીની એક અખબારી યાદી દ્વારા જણાવાયુ છે.

## પાલનપુર કોર્ટમાં મુદત માટે હાજર કરી પરત ફરતા આરોપી થયો ફરાર

પાલનપુર તા. ૮

રાજસ્થાનના ગુલાબ ગંજ નો અરવિંદ રાઠોડ નામનો યુવાન લૂંટ ધાડ પોલિસ પર ફાઈરીગ જેવા ગંભીર ગુના માં સંડોવાયેલો હતો

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર પોલીસ સ્ટેશનમાં લૂંટ પોલીસ પર ફાયરિંગ ધાડ જેવા ગંભીર ગુનામાં સંડોવાયેલ અરવિંદ સિંહ રાઠોડ નામનો આરોપી રાજસ્થાન ના ગુલાબ ગંજ નો રહેવાસી ને હિંમતનગર પોલીસ પાલનપુર કોર્ટમાં માં મુદત માટે લાવી હતી ને પોલીસ સાથે કોર્ટ મા મુદત માટે હાજર કરી પરત હિંમતનગર જઈ રહ્યા હતા ત્યારે જગાણા હાઈવે નજીક પોલીસ ના જપતામાં થી આરોપી ફરાર થયો હતો જેની જાણ બનાસકાંઠા પોલીસ ને કરતા બનાસકાંઠા એલ સી બી પોલીસ અને પાલનપુર તાલુકા પોલીસ આરોપીને શોધવા કામે લાગી હતી



અંબાજી મંદિરમાં માતાજી ને સોનાનો હાર પુનાના એક માઈભક્તે કર્યું ગુપ્ત દાન.... ૭૩ ગ્રામ સોનાનો હાર માતાજીને પુનાના દાંતા એ અર્પણ કર્યો જેની કુલ કિંમત ૩.૩૧.૨૦૦ રૂપિયા થાય છે.

# વાસણ ચેક પોસ્ટે ખાતે વિદેશી દારુ - મુદ્દામાલ સાથે બે ઈસમને ઝડપી પાડતી ધાનેરા પોલીસ

ધાનેરા તા. ૮

પોલીસ મહાનિરીક્ષક શ્રી જે.આર.મોરથલીયા સરહદી રેન્જ ભુજ કચ્છ તથા બનાસકાંઠા જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી તરૂણકુમાર દુગ્ગલ તથા મદદનીશ પોલીસ અધિક્ષક પુજા યાદવમાં નાઓની સુચના અન્વયે જીલ્લા માંથી દારૂની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા સારૂ મળેલ સુચના આધારે બી.વી.પટેલ પોલીસ ઈન્સ્પેકટર નાઓની મળેલ બાતમી હકિકત આધારે પો.સ્ટાફના માણસો સાથે વાસણ ચેકપોસ્ટ ખાતેથી આઈશર ટ્રક નં. GJ-03-BV-9577ની માં ગેર કાયદેસર ભારતીય બનાવટની વિદેશી દારૂની પેટીઓ નંગ-૧૨૬ બોટલ નંગ.૬૦૪૮ કિ.રૂ.૫,૦૮,૦૩૨/- તથા આઈશર ટ્રક નં. GJ-03-BV-9577 ની કિં.રૂ.૭,૦૦,૦૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૨ કિ.રૂ.૫,૫૦૦/- એમ મળી કુલ કિં.રૂ.૧૨,૧૩,૫૩૨/- નો મુદ્દામાલ સાથે (૧) નરપતસિંહ સ/ઓ થાનસિંહ ગુમાનસિંહ જાતે રાજપુત રહે.રેવતડા તા-સાયલા જી.જાલોર(રાજસ્થાન) તથા (૨) રતનસિંહ સ/ઓ માધુસિંહ જોગસિંહ જાતે રાજપુત રહે. સામરાણી તા-રાણીવાડા જી.જાલોર (રાજસ્થાન) વાળાને પકડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.




### પ્રાંતિજ ગ્રામપંચાયતોની ચુંટણીને લઈ ચિત્ર સ્પષ્ટ થયુ

# તાલુકાના પીલુદ્રા-કેસરપુરામાં સરપંચ માટે આઠ-આઠ ઉમેદવાર મેદાનમાં

પ્રાંતિજ તા.૮

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકા મા આવેલ ગ્રામપંચાયતો ની ચુંટણી ને લઈ ને પ્રચાર માધ્યમ તેજ થયો છે અને પ્રાંતિજ તાલુકા ની ૨૪ ગ્રામપંચાયત માટે હાલ ૯૪ સરપંચ ઉમેદવારો મતદારોએ ચુંટણી પ્રચાર ચાલુ કરી દીધો છે અને મતદારો ને રીઝવવા અવનવા નુસખા અપનાવી રહ્યા છે પ્રાંતિજ ગ્રામ પંચાયત ની ૨૭ પંચાયત ની ચુંટણી યોજાવા જઈ રહી છે જેમા ઝાલાની મુવાડી સમરસ થતા અને કાલીપુરા અને અનવરપુરા પહેલાજ બીન હરીફ થઈ જતા હાલ ૨૪ ગ્રામ પંચાયતો માટે ની ચુંટણીઓ યોજાવા જઈ રહી છે જેમા ૨૪ ગ્રામ પંચાયતો માટે ૯૪ ઉમેદવારો હાલ મેદાન મા છે તો પ્રાંતિજ તાલુકા ના પીલુદ્રા અને કેસરપુરા ખાતે સૌથી વધુ સરપંચ ઉમેદવારો મેદાન આઠ-આઠ મેદાન મા ઉતર્યા છે તો હાલતો ચુંટણી ને આડે હવે દશ દિવસ બાકી છે ત્યારે સરપંચ ઉમેદવારો તથા વોર્ડ ના ઉમેદવારો પોતા ના મતદારો ને રીઝવવા એડીચોટી નુ જોર હાલતો લગાવી રહ્યા છે તો ડોરટુડોર પ્રચાર સાથે ઓટલા પરીસદો પણ ભરવાની ચાલુ થઈ ગઈ છે ત્યારે ગ્રામ પંચાયતો ની ચુંટણી ને લઈ ને હવે ચિત્ર સ્પષ્ટ થયુ છે તો આ વર્ષે પંચાયતો ની ચુંટણીઓ બેલેટ પેપર થી યોજાશે

**ચુંટણી પ્રચાર જોરશોરથી ચાલુ : સરપંચ ઉમેદવારો મતદારોને રીઝવવા અવનવા નુસખા અપનાવી રહ્યા છે : તારીખ ૧૯ અને રવિવાર ના દિવસે ચુંટણી યોજાશે : ૨૪ પંચાયતો માટે ૯૪ સરપંચ ઉમેદવારો મેદાનમાં**

# પાલનપુરમાં ઓટોમેટીક ટ્રાફીકના સિગ્નલ નાંખવાની માંગણી ન સંતોષાતા ઉપવાસ પર બેસવા માંગણી કરાઈ



પાલનપુર તા. ૮

પાલનપુર શહેરના એરોમા સર્કલ પર ટ્રાફીકની સમસ્યાને લઈ વિવિધ સંગઠનો મેદાને આવ્યા છે.જેમાં પાલનપુરના કેટલાક જાગૃત નાગરીકો દ્વારા શહેરના એરોમા સર્કલ,ગઠામણ પાટિયા તેમજ હનુમાન ટેકરી સહીતના વિસ્તારોમાં ઓટોમેટીક ટ્રાફીક સિગ્નલ નાંખવાની માંગ કરવામાં આવી હતી.પરંતુ તે માંગણી ન સ્વિકારાતા કેટલાક જાગૃત નાગરીકો દ્વારા તા.૧૩-૧૨-૨૦૨૧ના રોજ એરોમા સર્કલની અંદરના ભાગે પ્રતિક ઉપવાસ પર બેસવાની મંગળવારે મંજુરી માંગવામાં આવી હતી.અને મંજુરી મળ્યા બાદ પ્રતિક ઉપવાસ પર બેસી માંગણી માટે લડત આપશે.જેમાં નિસ્વાર્થ સેવા સંગઠનના પ્રમુખ નિતિન ઠાકોર,બાર એસોસીએશન ના પ્રમુખ ઈન્દ્રીશભાઈ પઠાણ સહીતના વ્યક્તિઓ હાજર રહ્યા હતા.

# પાલનપુરના એરોમાં સર્કલ પર ઓવરબ્રિજ મંજુર : મંત્રી પૂર્ણશભાઈ મોદીએ દરખાસ્તને સૈદ્ધાંતિક મંજૂરીની સહમતી આપી

પાલનપુર તા.૮

પાલનપુર શહેરના લોકો માટે ગાંધીનગરથી આનંદના સમાચાર આવ્યા હતા. નવી સરકારે શહેરના લોકોની પીડાની વ્હારે આવી એરોમાં સર્કલ પર નવા ઓવરબ્રિજને મંજુર કર્યો હતો. મંત્રી પૂર્ણશભાઈ મોદીએ દરખાસ્તને સૈદ્ધાંતિક મંજૂરીની સહમતી આપી હતી. નવી ડિઝાઈન મુજબ આબુ હાઈવેથી બ્રીજ પર થઈને ડીસા તરફ જ્યારે ડીસા હાઈવેથી આબુ તરફ રેગ્યુલર અને અમદાવાદ-આબુહાઈવે પર હનુમાનટેકરી સુધી પહોળો અંડરપાસ બનશે.



પાલનપુર શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી એરોમા સર્કલ ટ્રાફિક ને લઈ લોકોમાં ભારે અસંતોષ હતો તેવામાં હંગામી ઉકેલ લાવવા માટે વહીવટી તંત્ર દ્વારા જુદા-જુદા પ્રયાસો કરવામાં આવી રહ્યા હતા તેવામાં હવે સરકારે કાયમી ઉકેલ ના ભાગરૂપે ઓવરબ્રિજ માટે ની રિવાઈઝ્ડ દરખાસ્ત જે અગાઉ રાજ્ય સરકારમાં પેન્ડિંગ હતી તેને મંજૂરીની મહોર મારી દીધી છે અને બે ચાર દિવસમાં તેને સૈદ્ધાંતિક મંજૂરી આપ્યાનું વિધિસર જાહેર કરાશે. સોમવારે શહેરના આગેવાનો સાથે રાજ્ય સરકારના મંત્રી પૂર્ણેશ મોદીએ બેઠક કરી રિવાઈઝ દરખાસ્ત અંગે ડિઝાઈન બતાવી હતી અને ડિઝાઈનમાં દર્શાવ્યા મુજબ ડીસા હાઈવે થી આબુ તરફ હાલ જે રીતે વાહન વ્યવહાર ચાલી રહ્યો છે તે રીતે જ્યારે આબુ હાઈવે થી ડીસા તરફ જવા માટે હનુમાન ટેકરીથી બ્રિજ શરૂ થશે જે ડીસા હાઈવે પર નીચે ઉતરશે. જ્યારે અમદાવાદ થી આબુ હાઈવેનો માર્ગ સીધો પહોળો અંડરપાસ બનશે. સૂત્રોએ જણાવ્યું હતું કે "અમને માર્ગ અને મકાન વિભાગના મંત્રીએ રૂબરૂ બોલાવતા જુદા જુદા પ્રતિનિધિઓ સમક્ષ ઓવરબ્રિજ અંગેની ડિઝાઈન બતાવી હતી જે માટે અમો પહેલેથી જ શહેરીજનોને અન્યાય ન થાય તે માટે પ્રાઈવેટ એન્જિનિયર સાથે લઈને ગયા હતા અને ડિઝાઈન જોઈને જો આ પ્રકારની ડિઝાઈનથી વાહન વ્યવહારમાં સરળતા રહેતી હોય તો અમને વાંધો નથી તેમ જણાવ્યું હતું. અગાઉ ૧૦૦ કરોડ માટે મંજુર થયા હતા પરંતુ વધારાની ગ્રાન્ટ માટે ૨૮ જુલાઈ ૨૦૨૦ ના રોજ સરકારમાં ૧૩૯ કરોડની દરખાસ્ત મોકલી હતી. જેની પર ફાઈનલ મોહર લાગી હતી. જ્યારેઆગામી ૨૦ વર્ષના ટ્રાફિકના ભારણને ધ્યાનમાં રાખી ૩૮૦ કરોડના ખર્ચે સોનગઢ થી જગાણા ૨૪ કિલોમીટર લંબાઈ ધરાવતા ચાર માર્ગીય બાયપાસ માટે રજૂઆત કરાઈ હતી જે દરખાસ્ત પણ સરકારમાં પેન્ડિંગ છે.'ડિઝાઈન જોઈને લોકો દંગ રહી ગયા હતા અને જણાવ્યું હતું કે હાલમાં જે નવા બ્રીજ અંગેની ડિઝાઈન જોઈ છે એ મુજબ કેટલીક જમીન હાઈવે પર સંપાદિત કરવાની થાય છે. હાલમાં જ બેક અને મોટા શોપિંગ આગળ વાહન પાર્કિંગના પ્રશ્નો છે તેવામાં લાંબા ગાળાનું આયોજન હોવા છતાં હાઈવે પર હયાત જગ્યા પણ જો લઈ લેવામાં આવશે તો વાહનો પાર્કિંગ ક્યાં કરવા પડે?'


**આબુ હાઈવેથી બ્રીજ પર થઈને ડીસા તરફ જ્યારે ડીસા હાઈવેથી આબુ તરફ રેગ્યુલર અને અમદાવાદ-આબુહાઈવે પર હનુમાનટેકરી સુધી પહોળો અંડરપાસ બનશે**

# ભારતમાલા રોડમાં વરસાદી પાણીના નિકાલ માટે મોટા નાળા બનાવવા સંસદમાં રજૂઆત

## સાંસદ પરબતભાઈ પટેલે પ્રોટેકશન વૉલની કામગીરી બંધ કરી ખેડૂતોના હિતમાં સર્વિસ રોડની માંગ કરી


પાલનપુર તા.૮

બનાસકાંઠાના સંસદસભ્ય પરબતભાઈ પટેલે ભારતમાલા પરિયોજના રોડમાં બંન્ને બાજુ રસ્તાની વ્યવસ્થા અને વરસાદી પાણીના યોગ્ય નિકાલ માટે મોટા નાળા બનાવવાની વ્યવસ્થા કરવા સંસદમાં રજુઆત કરી હતી. થરાદ, વાવ, ભાભર અને સુઈગામ તાલુકામાંથી પસાર થતા ભારતમાલા પરિયોજના (છ માર્ગીય રોડ)ના કારણે ખેડુતોને ચાલવામાં રસ્તાની સમસ્યા સર્જાતાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ રોડ જે ખેડુતના ખેતરમાંથી રોડ નીકળે છે, તેવા અનેક ખેડૂતોના સર્વે નંબરના બે ભાગ પડી ગયા છે



બીજા ભાગમાં જવા માટે રસ્તો નજીક સુધી મળતો નથી. આથી તેઓ ભારે હાલાકીઓ ભોગવી રહ્યા છે. ખેડૂતોના આ પ્રશ્ન અંગે બનાસકાંઠાના સાંસદસભ્ય પરબતભાઈ પટેલે સંસદમાં રજુઆત કરી હતી. જેમાં સડક મંત્રીનું ધ્યાન દોરતાં જણાવ્યું હતું કે 'બીજા ખેતરમાં જવા માટે સર્વિસ રોડ અથવા તો કાચો રોડ રાખવો જોઈએ. જો કે કંપની દ્વારા સર્વિસ રોડના બદલે પ્રોટેકશન વૉલ બનાવવામાં આવી રહ્યો છે. પરિણામે ખેડૂતો ખેતરોમાં કઈ રીતે જશે એ મોટો પ્રશ્ન પેદા થવા પામ્યો છે.આથી તેઓ અવરજવર કરી શકે પ્રોટકશન વૉલની કામગીરી તાત્કાલિક બંધ કરીને સર્વિસ કે કાચો રોડ બનાવવો જોઈએ. રોડમાં બંન્ને બાજુ રસ્તાની વ્યવસ્થા અને વરસાદી પાણીના યોગ્ય નિકાલ માટે મોટા નાળા બનાવવાની વ્યવસ્થા કરવા સંસદમાં રજુઆત કરી હતી. આમ, સાંસદ પરબતભાઈ પટેલ દ્વારા ખેડુતોની સમસ્યાનું સત્વરે સમાધાન થાય અને રોડની કામગીરીમાં પણ વિલંબ ન થાય તે પ્રકારે પગલાં ભરવાની માંગણી કરી હતી.

## જન્મદિને વધામણી



કર્મ સચિન કુમાર પટેલ
મોડાસા



એડવોકેટ વિજયસિંહ ચૌહાણ
આંબલીયારા તા. બાયડ



ભાવિન પ્રજાપતિ
આકુંદ તા.ધનસુરા

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન

## પાલનપુરમાં ગાયના કપાયેલા પગ મળી આવતા ગૌપ્રેમીઓમાં રોષ

### ગૌ માંસ વેચાતું હોવાના આક્ષેપો સાથે પોલીસ તપાસની માંગ

પાલનપુર તા. ૮

પાલનપુર શહેરના દિલ્હીગેટથી ટેલિફોન એકચેન્જના રોડ પર ગાય અને વાછરડાના કપાયેલા પગ જેવા અંગો મળી આવતા જીવદયાપ્રેમીઓમાં રોષ ની લાગણી ફેલાઈ હતી. દરમિયાન, ગૌ પ્રેમીઓએ ગૌ માંસ વેચાતું હોવાના આક્ષેપો સાથે પોલીસ તપાસની માંગ કરી હતી.

પાલનપુર શહેરમાં અગાઉ ગૌ માંસ ની જથ્થો પકડાયો હતો. ત્યારે આજે શહેરના દિલ્હીગેટથી ટેલિફોન એક્સચેન્જના રોડ પર ખુલ્લામાં કોઈ પશુના કપાયેલા પગ પડેલા જોવા મળ્યા હતા. જોકે, આ કપાયેલા પગ ગાય કે વાછરડાના હોઈ ગૌ-પ્રેમીઓમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો.

પાલનપુર શહેર અને આજુબાજુના વિસ્તારમાં ગૌમાંશ વેચાતું હોવાના આક્ષેપ સાથે ગૌ પ્રેમીઓએ પોલીસ દ્વારા આવું કૃત્ય કરનાર લોકો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. ત્યારે પોલીસ ધાર્મિક લાગણી દુભવતા આ કેસમાં સીસીટીવી ફુટેજની મદદથી સત્ય બહાર લાવે તેવી માંગ ઉઠી છે.